આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-15-10-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

------------------------------------------------------------------------

## વિકસીત ભારત મુખ્યમંત્રી

વિકસિત ભારત **2047**ની નેમસાકાર કરવામાં દેશના ગ્રોથ એન્જિન તરીકે આગેવાની કરવા ગુજરાત સજ્જ હોવાનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું.

મુખ્યમંત્રીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત **2** હજાર કરોડથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત ક્યું.

વધુમાં તેમણે કહ્યું કે સુદ્રઢ નાણાંકીય વ્યવસ્થાપન-ક્વૉલિટીવર્ક-સામાન્ય માનવીના હિતોને કેન્દ્રમાં રાખીને નિતીઓના અમલથી અમૃતકાળથી દેશની સતાબ્દી સુધીમાં વિકસીત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણના હેતુથી દર વર્ષે વિકાસ સપ્તાહ ઉજવાશે.

આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે દેશની આર્થિક મહાસત્તા બનાવવામાં ‘વાઇબ્રન્ટ ગુજરાત’ સમિટની ભૂમિકા પાયારૂપ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પરિકલ્પનાથી શરૂ થયેલ વાઇબ્રન્ટ સમિટના **10** સંસ્કરણોને મળેલી ભવ્ય સફળતાથી, ગુજરાતમાં **103.37** લાખ કરોડ રૂપિયાથી વધુના બે લાખથી વધારે **MoU** થયા.

આ વિકાસકાર્યોમાં પાણી પુરવઠા વિભાગના **13**, શહેરી વિકાસ વિભાગના **11**, માર્ગ અને મકાન વિભાગના **5**, ગૃહ વિભાગના **3** અને જળ સંપત્તિ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના **1-1** વિકાસ પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

**RNU** અમદાવાદ

------------------------------------------------------------------------

# રાષ્ટ્રીય જળ પુરસ્કાર

પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર **2023**માં ગુજરાત અને પુડુચેરીએ સંયુક્ત રીતે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. નવી દિલ્હીમાં જળશક્તિ મંત્રાલયે આજે કરેલી જાહેરાત પ્રમાણે રાજ્યોની શ્રેણીમાં ઓડિશાએ પ્રથમ જ્યારે ઉત્તરપ્રદેશે બીજું સ્થાન મેળવ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ **22**મી ઓક્ટોબરે નવી દિલ્હીમાં આ પુરસ્કાર એનાયત કરશે. તેમાં નવ શ્રેણીમાં સંયુક્ત વિજેતાઓ સહિત કુલ **38** વિજેતાઓને પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે. દરેક પુરસ્કાર વિજેતાને એક પ્રશસ્તિપત્ર, એક ટ્રોફી અને કેટલીક શ્રેણીઓમાં રોકડ પુરસ્કાર પણ આપવામાં આવશે.

નવી દિલ્હીમાં આજે  એક પત્રકાર પરિષદમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલે જળ વ્યવસ્થાપનનાં મહત્વ અંગે લોકોને જાગૃત કરવા બદલ વિજેતાઓની પ્રશંસા કરી. તેમણે એમ પણ જણાવ્યું કે, જળ શક્તિ મંત્રાલય રાષ્ટ્રીય સ્તરે જળ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે વ્યાપક અભિયાન ચલાવી રહ્યું છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

# આરોગ્યમંત્રી

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા આગામી તહેવારોના દિવસોમાં સઘન ચેકીંગ કરવામાં આવશે.

નકલી ભેળસેળવાળો માલ ઉત્પાદનકર્તા સુધી ન પહોંચે તેમજ નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તે માટે ફૂડ અને ડ્રગ્સ વિભાગ દ્વારા માવો, ઘી, દૂધ જેવી બનાવટો બનતી હોય ત્યાં તપાસ કરાશે તેમ આરોગ્યમંત્રીએ ઉમેર્યું હતું.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## નેચરોપેથી કેમ્પ

કચ્છ શિક્ષણ વિભાગ ભુજ અને અખિલ ભારત યોગ વિદ્યા એવમ્ પ્રકૃતિક જીવન સંઘ-ભુજ દ્વારા કચ્છ યુનિવર્સિટી ખાતે યોગ અને નેચરોપેથી તાલીમ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં ગુજરાત અને અન્ય રાજ્યના કુલ 22 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

અશરફ નથવાણી

---

## મોમાયમોરા ખાતે મેળો

નવરાત્રીના સમાપન બાદ રાપર તાલુકાના મોમાઈ મોરા ખાતે મોમાઈ માતાજીનો પરંપરાગત ભાતીગળ મેળો યોજાયો હતો. મોમાઈ મોરાનો મેળોએ વાગડ પંથકમાં વર્ષનો સૌથી છેલ્લા મેળા તરીકે પણ જાણીતો છે. દર વર્ષની જેમ આ વર્ષે કચ્છ, સૌરાષ્ટ્ર, ઉતર ગુજરાત, મહારાષ્ટ્ર અમદાવાદ, સુરત, વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાંથી ભાવિકો ઉમટી પડ્યા હતા.

અશરફ નથવાણી

---

## વિશ્વ માનક દિવસ

વિશ્વ માનક દિવસના ઉપલક્ષમાં ભારતીય માનક બ્યુરોની ગાંધીધામ કચેરી દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ વેળાએ માપદંડ સંદર્ભેના વક્તવ્ય સહીતના કાર્યક્રમો યોજાયા હતા. કંડલા અને મુંદરા બંદરના કારણે ગાંધીધામની આસપાસ ઔદ્યોગિક ઉત્પાદન વધુ હોઈ તે બાબતને ધ્યાનમાં રાખીને બી.આઈ.એસ.ની કચેરી નજીકના ભવિષ્યમાં ગાંધીધામ ખાતે કાર્યકરત કરાશે.

અશરફ નથવાણી

---

## વરસાદ

અરબી સમુદ્રમાં સર્જાયેલા ડીપ ડિપ્રેશનની અસર હેઠળ કચ્છમાં સતત ત્રણ દિવસથી વરસાદી ઝાપટાંનો દોર યથાવત્ રહ્યો છે. ગઈકાલે માંડવી, મુંદરા, અબડાસા તાલુકામાં ગાજવીજ સાથે વરસાદ પડયો હતો. હવામાન વિભાગે હજુ એક દિવસ જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદ વરસવાની આગાહી કરી છે.

અબડાસા વિસ્તારમાં અડધોથી દોઢ ઇંચ જેટલો વરસાદ ગાજવીજ સાથે પડયો હતો. નલિયામાં ઝાપટાં પડયા હતા તો કોઠારામાં એક ઇંચ વરસાદથી પાણી વહી નીકળ્યાં હતાં. વિઝાણમાં ગાજવીજ સાથે દોઢ ઇંચ વરસાદ પડયો હતો. આમરવાંઢ, વરાડિયામાં એક ઇંચ વરસાદ પડયાનું જાણવા મળ્યું છે. ધનાવાડા, ગઢવાડા, અરજણપરમાં અડધો ઈંચ વરસાદના સમાચાર છે. તો જખૌ અને દદામાપરમાં એક ઇંચ વરસાદ પડયાના અહેવાલ મળ્યા છે.

મુંદરાનગરમાં હવામાનમાં એકાએક પલટો આવતાં ગાજવીજ સાથે ધીમી ધારે વરસાદ વરસવો ચાલુ થયો હતો. સત્તાવાર રીતે મુંદરામાં **16** મિ.મી. વરસાદ નોંધાયો હતો.

માંડવી, નલિયા, લાયજા, દેઢિયા સહિતના ગામોમાં ગાજવીજ સાથે હળવાં-ભારે ઝાપટાં વરસ્યાં હતાં. આદિપુરમાં ઝાપટાં સ્વરૂપે વરસેલા વરસાદથી પાણી વહ્યાં હતાં.

ગઈકાલે કચ્છમાં વરસેલા ગાજવીજ સાથેના વરસાદ વચ્ચે વીજળી પડવાના બનાવો બન્યા હતા.

અશરફ નથવાણી

---